સુલેહશાંતિના ભંગમાં પીડિત પતિની તરફેણમાં હુકમ

ભુજ, તા. ૧૩ : પાંચેક માસ પૂર્વે પદ્ધર પોલીસમાં પત્નીએ પતિ વિરુદ્ધ ઝઘડા બાબતે અરજી કરી હતી, જેમાં પતિ સામે સુલેહશાંતિના ભંગ બદલની પોલીસે કાર્યવાહી કરી હતી. આથી પતિએ જિલ્લા અદાલતમાં રિવિઝન અરજી કરતાં પીડિત પતિની તરફેણમાં ચુકાદો આપ્યો છે.

અદાલતના દ્વારેથી

ગત તા. ૩૦/૧૦/૨૫ના પ્રવીણભાઇ ઉર્ફે પારસ નારણભાઇ કારેશા (મમુઆરા)ની પત્ની કાંતા વેજાભાઇ કદાવાલાએ પદ્ધર પોલીસ મથકે આપેલી અરજી અનુસંધાને પ્રવીણભાઇ સામે પોલીસે સુલેહશાંતિ ભંગ બદલ ૧૭૦ની કલમ તળે કાર્યવાહી કરી તા. ૬/૧૧ના રાતભર લોકઅપમાં રાખી બીજા દિવસે ભુજ ગ્રામ્ય અદાલતમાં રજૂ કરી સુલેહશાંતિનો ભંગ ન કરવા અંગેના જામીન લેવાયાં હતાં. આ હુકમ સામે પ્રવીણભાઇએ અમદાવાદના એડવોકેટ આશુતોષ દેવડા મારફત ભુજની જિલ્લા અદાલતમાં ફોજદારી રિવિઝન અરજી દાખલ કરી હતી.

કાયદા મુજબ જ્યારે કોઇ પણ નાગરિક કે વ્યક્તિ સામે કલમ ૧૭૦ મુજબની કાર્યવાહી કરવામાં આવે, તે પહેલાં તેને સાંભળવો જરૂરી છે તેમજ તેને નોટિસ આપવી ફરજિયાત છે કે શા માટે તે વ્યક્તિનાં સામે કાર્યવાહી ન કરવી, પરંતુ ઉપરોક્ત કેસમાં કાંઇ પણ ન થતાં રિવિઝન અરજી ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટ જજ મહિડા દિલીપ પી. એ મંજૂર કરી અને પીડિત પતિની તરફેણમાં હુકમ આપ્યો હતો તેમજ એક્ઝિક્યુટિવ કોર્ટમાં જે પાકા જામીન તથા જાતમુચરકા લેવાનો હુકમ રદ કરવામાં આવ્યો તથા જાતમુચરકામાંથી ડિસ્ચાર્જ કરવામાં આવે તેવો હુકમ કર્યો છે.

દાવા અરજી : એક મંજૂર, એક નામંજૂર

માંડવીમાં આવેલી વડિલોપાર્જિત સંપત્તિમાંથી પ્રતિવાદી બંસરીબેન ખીમજી જેશરાણીએ હકભાગની ના પાડતાં વાદી નલિનીબેન હિંમતસિંહ જેસરાણીએ માંડવી સિવિલ કોર્ટમાં દાવો દાખલ કરતાં વાદી નલિનીબેનીનો દાવો મંજૂર કર્યો હતો, જ્યારે માંડવીના ગામમાં આવેલા વાલજીભાઇ મીઠુભાઇ સંગાર તથા લક્ષ્મીબેન વાલજીભાઇ સંગારની માલિકીના પ્લોટોના વેચાણ કરાર સબળ સુધીની રકમ રૂા. ૧૧ લાખ આપ્યા હોવાનું જણાવી વરઝડીના મણિલાલ કેસરા માવાણી દ્વારા માંડવી સિવિલ કોર્ટમાં દાવા અરજી દાખલ કરી હતી. વાદી દાવો સાબિત ન કરી શક્તાં દાવો નામંજૂર થયો હતો. આ બંને કેસમાં વાદી નલિનીબેન અને પ્રતિવાદી મણિલાલ વતી વકીલ તરીકે દેવાયત એન. બારોટ, ખીમરાજ એન. ગઢવી, અંકિત સી. રાજગોર અને વિનય પી. મોતા હાજર રહ્યા હતા.

વંગના ભક્તો દ્વારા રણુજા સુધી પગપાળા યાત્રા

નખત્રાણા તાલુકાના આહીરપટ્ટી વિસ્તારમાં આવેલા વંગ ગામના ભક્તો દ્વારા દર વર્ષે રાજસ્થાનના રણુજાધામ સુધી પગપાળા યાત્રા કરવામાં આવે છે. રામાધણી ગ્રુપ દ્વારા છેલ્લાં ૧૭ વર્ષથી આ યાત્રા અવિરત ચાલુ છે. ગામના ભક્તો જણાવે છે કે, રણુજાધામ સુધીની આ યાત્રા દરમિયાન ભક્તો ભગવાન રામદેવપીરની આરાધના કરીને આશીર્વાદ મેળવે છે. ગામના સામાજિક આગેવાન રમેશભાઇ ગરવા (દરજીકામવાળા)એ શુભેચ્છાઓ પાઠવી હતી. પ્રસ્તુત તસવીરમાં વંગ ગામના રામાધણી ગ્રુપના ભક્તો રણુજાધામ તરફ પગયાત્રા દરમિયાન રામદેવપીર મહારાજના નેજાનું પૂજન કરતા નજરે પડે છે.

નખત્રાણાના ખેડૂતને વ્યાજે પૈસા આપી પઠાણી ઉઘરાણી અંગે ફરિયાદ

■ ઓછા પૈસા આપી વધુનો સાટાકરાર કરી છેતરપિંડી કરનારા સામે ગુનો દર્ઇ

ગાંધીધામ, તા. ૧૩ : નખત્રાણામાં એક ખેડૂતને વ્યાજે પૈસા આપી બાદમાં જમીનના સાટાકરાર કરી તેમાં ૩૫ લાખ દર્શાવી છેતરપિંડી કરી હતી તેમજ અન્ય શખ્સે પાંચ લાખ લઇ તે પરત ન આપી બાદમાં વારંવાર પઠાણી ઉઘરાણી કરતા ત્રણ શખ્સ સામે ફરિયાદ નોંધાઇ હતી.

નખત્રાણામાં રહેતા ફરિયાદી એવા ખેડૂત મોહન અરજણ વાલજિયાણી (પટેલ)એ મકાન બનાવવા હોમલોન લીધી હતી તેમજ બે સંતાન અભ્યાસ અર્થે બહાર હોઇ તેમની ફી તેમજ પાકમાં નુકસાન જતાં તેમને રૂપિયાની જરૂરિયાત ઊભી થઇ હતી. તેમણે પાડોશી હરેશ બાવાજીને વાત કરતાં આ પાડોશીએ ગોતમ સામજી ભદાણીનો સંપર્ક કરાવ્યો હતો. આ શખ્સે પૈસા અપાવવાની હા કરી હતી. ફરિયાદીની જમીનમાં બોજો હોવાથી દસ્તાવેજ થાય તેમ ન હોવાથી સાટાકરાર કરવાનું નક્કી કરાયું હતું.

બાદમાં બળવંતસિંહ ઉર્ફે બળુભા તગજી સોઢા પાસેથી ૧૦ લાખ મેળવી સાટાકરાર કરાયા હતા. આ ૧૦ લાખ પૈકી પાંચ લાખ ગોતમ ભદાણીએ રાખી લીધા હતા.

આ ફરિયાદી વ્યાજના પૈસાનો હપ્તો ગોતમને ભરતા હતા અને બળુભાને વાત કરવાનું કહેતાં ગોતમ ગલ્લાતલ્લાં કરતા હતો. ફરિયાદીને શંકા જતાં તેમણે સાટાકરારની નકલ માગી હતી, તે ન મળતાં અંતે ઓનલાઇન આ સાટાકરાર કઢાવતાં તેમાં ૩૫ લાખનો ઉલ્લેખ કરાયો હતો. ફરિયાદીએ પોતે લીધેલા પાંચ લાખ આપવાની તૈયારી દર્શાવતાં બળુભાએ પાંચ નહીં ૧૪ લાખની માંગ કરી હતી તેમજ સાટાકરારમાં કિશોરસિંહ કારૂભા જાડેજાનું નામ હોવાનું બહાર આવ્યું હતું.

બાદમાં આરોપીઓએ વારંવાર પઠાણી ઉઘરાણી કરી ધાકધમકી કરી હતી. બનાવ અંગે પોલીસે ગોતમ, બળુભા અને કિશોરસિંહ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીધામના કાર્ગોમાં કોંગ્રેસે પાણી ચોરી પકડી

■ ખાનગી વાડામાં પાણી પુરવઠા બોર્ડની લાઈનમાંથી ગેરકાયદે જોડાણ લઈને વેપલો : અધિકારીઓ જોડાણ કાપવા પહોંચ્યા

ગાંધીધામ, તા. ૧૩ : ગાંધીધામના કાર્ગો વિસ્તારમાં લોકોને પીવાનું પાણી મળતું નથી અને ખાનગી રાહે ગેરકાયદે કનેક્શન લઈને પાણીનાં ટેન્કરો વેચવામાં આવતા હોવાની ફરિયાદોનાં પગલે કોંગ્રેસે કાર્ગોમાં રેડ પાડીને પાણી પુરવઠા બોર્ડની લાઈનમાંથી ગેરકાયદે લેવામાં આવેલું કનેક્શન પકડી પાડ્યું હતું. કોંગ્રેસે આ પાણી ચોરી પકડતાં પાણી પુરવઠા બોર્ડના અધિકારીઓ સ્થળ ઉપર જોડાણ કાપવા પહોંચ્યા હતા.

કાર્ગો વિસ્તારમાં લાંબા સમયથી પીવાનું પાણી ન મળતું હોવાની ફરિયાદો હતી. લોકો અનેક વખત મહાનગરપાલિકાની ક્યેરીએ પણ રજૂઆત કરવા આવ્યા હતા તેમ છતાં કોઈ કાર્યવાહી થઈ ન હતી. અહીં ગેરકાયદે પાણીનું જોડાણ લઈને પાણીનાં ટેન્કરો વેચવામાં આવતા હતાં. લોકોએ આ બાબતે કોંગ્રેસનું ધ્યાન દોર્યું હતું તેનાં પગલે કોંગ્રેસના નેતાઓ કાર્ગો વિસ્તારમાં પહોંચ્યા હતા અને પાણી પુરવઠા બોર્ડની લાઈનમાંથી ગેરકાયદે લીધેલું જોડાણ પકડી પાડ્યું હતું. આ અંગે ગાંધીધામ શહેર કોંગ્રેસ પ્રમુખ ભરત ગુપ્તાએ જણાવ્યું હતું કે, લાંબા સમયથી લોકોને ન મળતું હોવાની ફરિયાદો હતી, જેના પગલે કોંગ્રેસના નેતાઓ દ્વારા અહીં રેડ પાડીને ગેરકાયદે બનાવેલા વાડાની અંદરની ઓરડીમાંથી પાણી પુરવઠા બોર્ડની લાઈનમાંથી લીધેલું કનેક્શન મળી આવ્યું હતું. અહીંથી પાણીનાં ટેન્કરો વેચવાનો ધીકતો ધંધો કરવામાં આવતો હતો. કોંગ્રેસે તેનો પર્દાફાસ કર્યો હતો. લોકો બુંદબુંદ પાણી માટે તરસી રહ્યા હતા અને અહીં પાણી પુરવઠા બોર્ડની પીવાનાં પાણીની મુખ્ય લાઈનમાંથી ગેરકાયદે જોડાણ લઈને પાણીનો ધંધો કરવામાં આવતો હતો.

કોંગ્રેસે આ પાણી ચોરી પકડતાં પાણી પુરવઠા બોર્ડના અધિકારીઓ હરકતમાં આવ્યા હતા અને અધિકારીઓ અહીં મુખ્ય લાઈનમાંથી લેવાયેલું પાણીનું જોડાણ કાપવા આવ્યા હતા. અગાઉ ક્યછમિત્ર દ્વારા પીવાનાં પાણીની લાઈનોમાંથી ગેરકાયદે પાણીનાં જોડાણો લેવામાં આવ્યાં હોવાનો અહેવાલ અપાયો હતો. હજુ પણ જેડિયા શહેરોમાં અને ગ્રામીણ વિસ્તારમાં સરકારી લાઈનોમાંથી ગેરકાયદે કનેક્શન લેવાયેલાં છે તેની ઉપર પણ કાર્યવાહી કરવી જરૂરી છે. મહાનગરપાલિકાને ટેક્સ ભરપાઈ કરતા લોકોને ભુંદ બુંદ પાણી માટે તરસવું પડે છે અને અમુક લોકો ગેરકાયદે જોડાણો લઈને પાણીનો ધંધો કરી રહ્યા છે. કોંગ્રેસ ગેરકાયદે લેવાયેલા જોડાણો પકડી પાડે છે, તો સરકારી અધિકારીઓ અને કર્મચારીઓને આ જોડાણો કેમ દેખાતાં નથી તેવા ગંભીર સવાલ લોકો પૂછી રહ્યા છે.

પીજીવીસીએલ દ્વારા રૂા. ૧૨૬.૨ લાખના ગેરરીતિના બિલ અપાયાં

ભુજ, તા. ૧૩ : પી.જી.વી.સી.એલ. દ્વારા વીજ ચેકિંગ ઝુંબેશમાં ૧૯૫ વીજ જોડાણમાં ગેરરીતિ પકડાતાં ૧૨૬.૨ લાખની ગેરરીતિનાં બિલ અપાયાં હતાં. પશ્ચિમ કચ્છ ભુજ વર્તુળ ક્યેરી હેઠળ જુદી-જુદી પેટા વિભાગીય ક્યેરીઓમાં ભુજ શહેર, ભુજ ગ્રામ્ય, કુકમા, મુંદરા, નખત્રાણા, ખાવડા, ભુજોડી, મુંદરા, ગુંદાલા, માંડવી ગ્રામ્ય, માંડવી શહેરમાં ૩૧ વીજ ચેકિંગ ટીમ દ્વારા ઘર વપરાશ, વાણિજ્ય, ઔદ્યોગિક તથા ખેતીવાડીના ૨૨૬૪ જોડાણ ચેક કરાયાં હતાં, જે પૈકી ૧૯૫ વીજજોડાણમાં ગેરરીતિ પકડાતાં ગેરરીતિનાં બિલ અપાયાં હતાં.

પદ્ધરની બેન્કના ૩૦.૯૪ લાખની ઉચાપતમાં આરોપી કર્મચારીને જામીન

ભુજ, તા. ૧૩ : ખેડૂત ખાતેદારોના બેન્કનાં ખાતાંમાંથી તેમની જાણ અને સહમતિ વગર નાણાં તબદીલ કરીને ૩૦.૯૪ લાખ રૂપિયાની ઉચાપત કરવાના તાલુકાના પદ્ધર ગામની સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયાના ચક્યારી કેસમાં આરોપી બેન્ક કર્મચારી મૂળ મહારાષ્ટ્રના હાલે પદ્ધર રહેતા અક્ષય રૂપરામ રીઢેને જિલ્લા અદાલત દ્વારા જામીન અપાયા હતા.

ગત વર્ષ ૨૦૨૫માં બેન્કનાં નાણાંની ઉચાપતનો આ મામલો ઓડિટ દરમ્યાન બહાર આવ્યો હતો. આ પછી બેન્કના ઉચ્ચ અધિકારીઓ દ્વારા પદ્ધર પોલીસ મથકમાં ફોજદારી દાખલ કરાવાઈ હતી, જેમાં આરોપીની ધરપકડ કરાઈ હતી.

દરમ્યાન આરોપી મારે મુકાયેલી નિયમિત જામીનની અરજીની સુનાવણી જિલ્લા અદાલત સમક્ષ થઈ હતી. બેન્કના નાના કર્મચારી પાસે નાણાંકીય તબદીલી કરી શકાય તે માટેના પાસવર્ડ ન હોવા, આવા પાસવર્ડ ઉચ્ચ અધિકારીઓ પાસે હોવા તથા અન્યોની સંડોવણી નકારી શકાય તેમ ન હોવાની દલીલો અન્વયે કોર્ટે આરોપી અક્ષય રીઢેની જામીન અરજી મંજૂર કરતો આદેશ કર્યો હતો. આ કેસમાં આરોપી વતી વકીલ તરીકે સંતોષસિંહ આર. રાઠોડ, ચિન્મય એચ. આચાર્ય, રોહિત એમ. મહેશ્વરી અને ભૂમિ પી. પંડ્યા રહ્યા હતા.

રાંધણગેસની અછત મુદ્દે આંદોલનની ચીમકી

ભુજ, તા. ૧૩ : ઈરાન-ઈઝરાયેલ યુદ્ધના કારણે વૈશ્વિકસ્તરે ઊભી થયેલી પરિસ્થિતિની સીધી અસર હવે રસોડા સુધી પહોંચી છે.

એક તરફ ઉનાળાનો ધમધમતો તાપ છે, ત્યારે બીજી તરફ ક્યછની ગૃહિણીઓએ ગેસના બાટલા મેળવવા માટે કલાકો સુધી ઓન-સીઓ બહાર લાંબી લાઈનોમાં ઊભા રહેવું પડે છે. ત્યારે આ સમસ્યા રાજ્ય સરકારની અણઆવડતના કારણે સર્જાઈનું પ્રદેશ મહિલા કોંગ્રેસનાં મંત્રી કિરણબેન પોકારે જણાવ્યું હતું.

તાત્કાલિક ધોરણે ગેસનું વિતરણ યોગ્ય રીતે કરવામાં આવે અને કાળાબજારી કરવા માટે કડક પગલાં લેવામાં આવે તેવી માંગ કરાઈ છે. જરૂર પડ્યે આંદોલનની ચીમકી અપાઈ છે.

Appointment | કચ્છમિત્ર | JOB

TEACHERS REQUIRED
For Gujarati Medium & English Medium
Subjects
- English - Science
- Maths - Evs
- Computer
Qualification : B.Ed Or Equivalent
Experience : 2+ Years
Non Experienced Candidates Also apply.
Rainbow India School
Plot No.13, Dharamdeep Park, Opp. Rajput Samaj Wadi, Ravalvadi Relocation Site, Bhuj-kutch.
Mo : 80008 77501

જોઇએ છે.
ફોર્સ મોટર્સ ના ઓથોરાઇઝડ ડિલર "કચ્છ મોટર્સ" માટે
- સેલ્સમેન
- મેકેનીક
- કોમ્પ્યુટર ઓપરેટર-મેલ/ફીમેલ (બીલીંગ કામ કાજ માટે)
- હેલ્પર
માધાપર હાઈવે,શાને પંજાબ ઢાબાની બાજુમાં,ભુજ
9016823241/6354276073

આપની જાહેરાત આપવા સંપર્ક જાહેરખબર વિભાગ, કચ્છમિત્ર કાર્યાલય, ઇન્દ્રાબાઇ પાર્ક પાસે, ભુજ. વોટ્સ એપ/મોબાઈલ નંબર ૮૪૬૦ ૩૦ ૩૨ ૩૩

શિક્ષકો ની જરૂર છે./Teacher Required
Experienced / Fresher
CHEMISTRY TEACHER
Required For
11th - 12th (SCIENCE)(English Medium)
Excellent Salary will be offered
FOR REPUTED COACHING CLASS IN MADHAPAR
CONTACT:-8460212533/8460223372

જોઈએ છે...
ફિલ્ડ મોબીલાઈઝર (પુરુષ / મહિલા)
કાર્યસ્થળ: માંડવી અને નલિયા
ધોરણ ૧૦ પાસ અને સ્નાતક
લાયકાત અને અનુભવ: BRS / MRS / BSW / MSW અથવા અન્ય કોઈપણ સ્નાતક સંબંધિત કાર્યક્રમમાં ઓછામાં ઓછો ૨ વર્ષનો અનુભવ તથા MS Office ની આવડત જરૂરી.
સિવિલ એન્જિનિયર (પુરુષ)
કાર્યસ્થળ: ચારણકા
લાયકાત અને અનુભવ: બી.ઈ. સિવિલ એન્જિનીયરિંગ
ધોરણ ૧૦ પાસ અને સ્નાતક
સંબંધિત કાર્યક્રમમાં ઓછામાં ઓછો ૨ વર્ષનો અનુભવ તથા MS Office, AutoCAD ની આવડત જરૂરી.
ઈચ્છુક ઉમેદવારોએ પોતાના CV / બાયોડેટામાં લાયમાં મળતો પગાર તેમજ અપેક્ષિત પગાર સાથે તારીખ ૨૦ માર્ચ ૨૦૨૬ સુધી નીચેના ઈ-મેઈલ પર મોકલી આપવા વિનંતી.
ઈ-મેઈલ: vrtimandvi@gmail.com
શ્રી વી.આર.ટી.આઈ., નાગલપુર રોડ, જૈન આશ્રમની બાજુમાં, માંડવી કચ્છ. ૩૩૦૪૬૧.

KUTCH VIKAS ST. XAVIER'S SCHOOL RAIDHANPAR
TEACHERS WANTED
(MALE / FEMALE)
- SCIENCE TEACHER : B.Sc. / M.Sc. with B.Ed. (Secondary & Middle School)
- ENGLISH TEACHER : B.A., B.Ed., or M.A. (Middle & Primary)
- COMPUTER CUM ENGLISH TEACHER : B.A./B.Sc., BCA with B.Ed. (Secondary & Middle)
- PHYSICAL EDUCATION TEACHER : B.P.Ed./B.Sc./B.A. (Secondary, Middle & Primary)
APPLY NOW
Candidate may apply for the post with detailed CV and Cover letter. The application should be submitted to the school office in person or via e-mail at the address given below.
kvstxaviersschool@gmail.com / kutchvikastrust@gmail.com
Ph. (+91) 9409070912 / 7861979253

હીરામણિ સ્કૂલ / હૉસ્ટેલ / વૃદ્ધાશ્રમ
નિરમા ચુનિ.સામે,એસ.જુ.હાઈવે,અમદાવાદ-૩૮૨૪૮૧.ફોન.(૦૨૭૧૬)૨૪૨૫૦૫-૬૦૬
પ્રવેશ ઉપલબ્ધ
જુનિ.-સિનિ.કે.જી./બાલવાટીકા (ગુજરાતી-અંગ્રેજી માધ્યમ)
હીરામણિ હૉસ્ટેલ (બોયઝ) માટે ધો.૪ થી ૧૨ માટે
જોઈએ છે અનુભવી
ધો.૧ થી ૧૨ Eng./Guj.Med.માટે તમામ વિષયના શિક્ષકો.B.Ed.ફરજિયાત
સ્કૂલ માટે ક્લાર્ક (કોમ્પ્યુટરાં જાણકાર), પટ્ટાવાળા, આયાબેન
હૉસ્ટેલ/વિરડાવર માટે રજ ૬લાક રહી શકે તેવા કેમ્પસ ડાયરેક્ટર, રેક્ટર, પટ્ટાવાળા
hiramanischool@gmail.com
Email પર બાયોડેટા સાથે અરજી કરવી.

IDBI BANK સોનાના દાગીના ની હરાજી માટેની જાહેર સૂચના
જાહેર જનતાને જણાવવાનું કે બીચ જણાવેલ દેવાદાર **વીરજલાલ મગનલાલ શાહ** એ અમારી બેંક માંથી સોનાના દાગીના મૂકી ધિરાણ મેળવેલ પરંતુ સદર ગ્રાહકે નોટલ લોન બી શરતો નું ભંગ કરેલ હોય અને ધિરાણ ની રકમ બેંક માં ભરતા ના હોય સદર ધિરાણ ના લેણાં ની વસૂલાત માટે નીચે જણાવેલ સોનાના દાગીના ની હરાજી માટે આ જાહેર નોટીસ આપવી છીએ. હરાજી ની કાર્યવાહી **આઈ.ડી.બી.આઈ. બેંક લિ. ની જાહેરનામી સર્વિસ-જુનાગઢ ૩૪૦૦૦૧ તા. ૧૮-૦૩-૨૦૨૬ ના રોજ સાંજે ૦૫.૦૦ વાગે થી હાથ ધરવામાં આવશે.**

ખાતા નં.	કરજદારનું નામ અને સરનામું	ગીરી મુકેલા સોનાના દાગીનાનું વર્ણન	ગ્રાહકનું કુલ વજન	શુદ્ધતા	હરાજીની	અનામત કિંમત
04116611 00000091	**વીરજલાલ મગનલાલ શાહ** ૧ કલ્યાણ ચૈત્ર હોસ્પિટલ નજીક જુનાગઢ સીટી -૩૬૦૦૦૧	૧. ગોલ્ડ ચેન૬૨	23.4	20	13398	267950
		૧. બેસલેટ	21	20	11650	233000
		૧. વીંટી	6.9	20	3449	69000

હરાજી બેંક દ્વારા નક્કી કરાયેલ હરાજી મારેના વેચાણના નિયમો અને શરતોને આધિન રહેશે, જેની એક નકલ જુનાગઢ શાખાના નોટિસ બોર્ડમાં **૧૨.૦૩.૨૦૨૬ થી ૧૮.૦૩.૨૦૨૬** સુધી લગાવવામાં આવશે. લોની ચુકવણાર બેંક દ્વારા નિર્ધારિત નિયમો અને શરતો નું સંપૂર્ણ જ્ઞાન ધરાવે છે તેવું માની હરાજી ની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. **બીડ જમા કરવાની છેલ્લી તારીખ ૧૮.૦૩.૨૦૨૬ સાંજે ૦૪:૦૦ વાગ્યા સુધી છે.**
તારીખ : ૧૪.૦૩.૨૦૨૬ સ્થળ : જુનાગઢ સહી/- અધિકૃત અધિકારી, આઈડીબીઆઈ બેંક, જુનાગઢ શાખા

પીએમ શ્રી કેન્દ્રીય વિદ્યાલય ક્રમાંક 2 સેના છાવની, ભુજ
PM SHRI KENDRIYA VIDYALAYA NO.2, ARMY CANTT.BHUJ
(કચ્છ) ગુજરાત-370001, KUTCH, GUJARAT-370001
School Code: 14099 , CBSE Affiliation No.:400024
Email-kvarmybhuj@yahoo.in, Website-https://no2bhujcantt.kvs.ac.in
પ્રત્યક્ષ સાક્ષાત્કાર / WALK-IN-INTERVIEW
પીએમ શ્રી કેન્દ્રીય વિદ્યાલય ક્રમાંક 2 -સેના છાવની, ભુજ મેસર્સ2 0 2 6 -2 7 કે લિયે પૂર્ણતઃ અંશકાલિક અનુબંધ કે આધાર પર સંવિદા શિક્ષકોં કે પેનલ હેતુ દિનાંક 24-03-2026 (મંગલવાર) કો સાક્ષાત્કાર લિયા જાએગા ।
Walk-in-Interview will be held on 24-03-2026 (Tuesday) to draw the panel of contractual teachers on Purely Part-time contractual basis for the Session 2026-27 at PM SHRI Kendriya Vidyalaya No. 2 Army Bhuj .

क्र. सं. /Sr No.	पदनाम / Post
1	पी.जी.टी . – अंग्रेजी, हिंदी, भौतिकी, रसायन, जीव विज्ञान, गणित, अर्थशास्त्र, वाणिज्य, कंप्यूटर साइंस PGTs (Post Graduate Teachers) – English, Hindi, Physics, Chemistry, Biology, Maths, Economics, Commerce, Computer Science
2	टी.जी.टी. – अंग्रेजी, हिंदी, संस्कृत, गणित, विज्ञान, सामाजिक विज्ञान TGTs (Trained Graduate Teachers) – English, Hindi, Sanskrit, Maths, Science, Social Science
3	प्राथमिक शिक्षक, बालवाटिका शिक्षक Primary Teacher (PRT), Balvatika Teacher
4	कंप्यूटर प्रशिक्षक, खेल प्रशिक्षक, संगीत प्रशिक्षक, नर्स, काउंसलर, योग प्रशिक्षक, विशेष शिक्षक, व्यावसायिक प्रशिक्षक, क्षेत्रीय भाषा प्रशिक्षक (गुजराती) Computer Instructor , Games & Sports Coach, Music Coach, Staff Nurse, Counsellor, Yoga Instructor, Special Educator, Vocational Instructor, Regional Language Instructor(Gujarati)

तिथि / समय/ Date / Time : 24-03-2026 (Tuesday) from 09:00 AM onwards
नोट: 1. अभ्यर्थी को योग्यता के मूल प्रमाणपत्र, छायाप्रतियां एवं दो पासपोर्ट आकार का फोटो साथ लाना है । 2. आवेदन पत्र डाउनलोड करने व अधिक जानकारी के लिए विद्यालय की वेबसाइट- https://no2bhujcantt.kvs.ac.in का अवलोकन करें । 3. अभ्यर्थी को पंजीकरण हेतु आवेदन पत्र और स्वयं सत्यापित दस्तावेज़ साक्षात्कार के दिन प्रातः 0 8 : 3 0 से 9 : 3 0 तक जमा करवाना आवश्यक हैं । 4.मानदेय के नि.सं.के नियमानुसार देय होगा । 5. साक्षात्कार हेतु यात्रा भत्ता देय नहीं होगा ।
Note: 1.Candidates have to bring original certificates with photocopies and two passport size photographs. 2. Visit the website- https://no2bhujcantt.kvs.ac.in to download the application and for more information. 3. Candidates should submit their application with self certified documents for registration on the day of the interview between 08:30 am to 9:30 am. . 4. Remuneration will be paid as per the K.V.S. norms. 5. There is no TA/DA for Interview.
प्राचार्य /PRINCIPAL

નીલકંઠ સોલ્ટ કેમ ઈન્ડિયા પ્રા. લિ.
લેબર કોન્ટ્રાક્ટરની જરૂર છે
કચ્છના મોટા રણમાં હાજીપીર પાસે મીઠાના આગરો/કંપનીમાં લેબર/કામદારોની જરૂર છે. યોગ્ય અનુભવ અને પૂરતા કામદારો આપી શકતા લેબર કોન્ટ્રાકટર સંપર્ક કરે.
M. +91 90990 29611, +91 84697 50274

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ
પર્યાવરણ ભવન, સેક્ટર-૧૦ એ, ગાંધીનગર-૩૮૨૦૧૦.
ટેલી. ૦૭૯-૨૩૨૩૨૧૫ ફેક્સ: ૦૭૯-૨૩૨૨૨૮૮૪ www.gpcb.gujarat.gov.in
જાહેર સૂચના
ભારત સરકારના પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય, નવી દિલ્હીના જાહેરનામા ક્રમાંકઃ એસ.ઓ. ૧૫૩૩(ઈ) તા. ૧૪.૦૩.૨૦૦૬ અન્વયે જણાવવાનું કે **મેસર્સ ગુજરાત સ્ટેટ પેટ્રોલેક લિમિટેડ દ્વારા તાલુકાઃ અંજાર, ભચાઉ અને રાપર, જિ. કચ્છ (કચ્છ ગુજરાત ભાગ અંતર્ગત) ખાતે ગુજરાત રાજ્યમાં અંગ્રસથી પાલનપુર સુધી લંબરસ ગેસના પરિવહન માટે પ્રસ્તાવિત પાઇપલાઇન અને સંલગ્ન સુવિધાઓ** માટેની પરીયોજના પ્રોજેક્ટ કેટેગરી એ અંતર્ગત તેઓની અરજી અન્વયે પર્યાવરણીય લોકસુનાવણી આયોજીત કરવામાં આવે છે.
લોકસુનાવણીની પ્રક્રીયાના ભાગરૂપે ઘાગના વળગતા સ્થાનિક અસરગ્રસ્ત લોકોનું ધ્યાન દોરીને સદર લોકસુનાવણી દરમિયાન હાજર રહેવા અથવા તેઓની ટીકા-ટિપ્પણી લેખિતમાં પર્યાવરણીય સુનાવણીની તારીખ પહેલા સભ્ય સચિવશ્રી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને મોકલવા વિનંતી છે.
રસ ધરાવતી અન્ય વ્યક્તિઓને પણ તેઓની ટીકા-ટિપ્પણી પર્યાવરણીય સુનાવણીની તારીખ પહેલા લેખિતમાં સભ્ય સચિવશ્રી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને મોકલી આપવા વિનંતી છે.
અત્રે ઉલ્લેખનીય છે કે પ્રોજેક્ટ૨ના ઈઆઈએ (એન્વાયરમેન્ટ ઈમ્પેક્ટ એસ્સેસમેન્ટ) અહેવાલના મુસદ્દાની પ્રત તથા એન્વાયરમેન્ટ ઈમ્પેક્ટ એસ્સેસમેન્ટનો સંક્ષિપ્ત અહેવાલની પ્રત નીચે દર્શાવેલ બોર્ડોઈટી/કાર્યાલયો ખાતે કામકાજના દિવસો દરમિયાન લોકસુનાવણીના દિન સુધી નિહાળી શકાશે.
૧. જિલ્લા કલેકટરશ્રીની કચેરી, **કચ્છ.**
૨. જિલ્લા વિકાસ અધિકારીશ્રીની કચેરી, **કચ્છ.**
૩. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, **કચ્છ.**
૪. તાલુકા વિકાસ અધિકારીશ્રીની કચેરી, તાલુકાઃ અંજાર, ભચાઉ અને રાપર, જિ. **કચ્છ.**
૫. પ્રાદેશિક અધિકારીશ્રી, ઈ-ટીકોટ૨ પ્રાદેશિક કચેરી, પર્યાવરણ, વન અને જળવાયુ પરીવર્તન મંત્રાલય, કર્મયોગી ભવન, બ્લોક-૩, એક-૨ વિંગ, પમ્પ માળ, ચ-૩ સર્કલ નજીક, સેક્ટર-૧૦એ, ગાંધીનગર, ગુજરાત-૩૮૨૦૧૦.
૬. **ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, પ્રાદેશિક કચેરી - કચ્છ (પૂર્વ), ૩જ નંબરઃ ૨૫૫-૨૫-૨૫૬, બીજો માળ, કંડલા પોર્ટ ટ્રસ્ટ, વહીવટી બિલ્ડીંગ, સેક્ટર-૦૮, ગાંધીધામ, કચ્છ-૩૭૦૨૦૧.**
જિલ્લા કલેકટર/જિલ્લા મેજીસ્ટ્રેટ/ડેપ્યુટી કમિશનર, સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, અથવા તેઓના/તેણીના પ્રતિનિધિ કે જેઓ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટથી નીચેના હોદ્દાના ના હોય અથવા આ બાબતે તેઓ/તેણી દ્વારા અધિકૃત કોઈ અન્ય જીલ્લા કક્ષાના અધિકારીશ્રી સદર લોકસુનાવણીની પ્રક્રીયાની દેખરેખ અને અમલબજાવણી કરશે.
(**નોંધઃ**- જો કોઈ પરિયોજના કે પ્રવૃતિ એક પેટા વિભાગના પ્રાદેશિક અધિકારક્ષેત્ર સુધી મર્યાદિત હોય તો, જિલ્લા કલેકટર/જિલ્લા મેજીસ્ટ્રેટ/ડેપ્યુટી કમિશનર સદર લોકસુનાવણીની પ્રક્રીયાની દેખરેખ અને અમલબજા માટે સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટના દરજ્જાથી નીચેના ના હોય તેવા કોઈ પણ અધિકારીને વૈકલ્પિક રીતે અધિકૃત કરી શકશે).
લોકસુનાવણીની **તા. ૨૨/૦૬/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે, સ્થળઃ શ્રીમતી એચડીડી (હીરાલક્ષ્મી દોલતરામ ધોળકીયા)ની મીટીંગ હોલ, કન્યા વિદ્યાલય, ૧૬૧, રામવાડી, ભચાઉ, કચ્છ, ગુજરાત-૩૭૦૧૪૦** ખાતે આયોજીત કરવામાં આવે છે.
કોરોના વાયરસની ચેપિક મહામારીને ધ્યાને રાખી સરકાર દ્વારા આપવામાં આવેલ કોવિડ-૧૯ માર્ગદર્શિકાનું પાલન કરવા વળગતા વળગતા સૌને જણાવવામાં આવે છે.
સ્થળ : ગાંધીનગર **ડી.એમ. ઠાકર**
તા. : ૧૩/૦૩/૨૦૨૬ **સભ્ય સચિવ**

IDBI BANK
રજીસ્ટર્ડ ઓફિસઃ આઈડીબીઆઈ ટાવર, વર્લ્ડ ટ્રેડ સેન્ટર કોમ્પલેક્ષ, ૬૬ પરેડ, મુંબઈ પીન – ૪૦૦ ૦૦૫. CIN: L65190MH2004GOI148838
અસ્થાવર/સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ-હરાજી જાહેર નોટીસ
સરફેસી એક્ટ ૨૦૦૨ અંતર્ગત પરિશિષ્